ૐ

—શ્રી સારદા સત્ય છે.—

મર્દની કાવ્ય



મર્દ કહીયે એહને સંગ્રામમાં સામો લડે.
મર્દ કહીએ એહને પડકારે પાછો ના પડે.
મર્દ કહીયે એહને સત્યથી ચાલે સદા.
મર્દ કહીએ એહને કુવચન બોલે ના કદા

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર
બારોટ રામભાઇ ગીગાભાઇ.
રહીસ બરવાળાજામ (કાઠીઆવાડ)

સં. ૧૯૮૮ સને ૧૯૩૨
કીંમત ૨ આના

સીદ્દી ગુલાબના દુહા.

ગામ જાતરૂડા.

સહાઇ ઉસાળા સુડે, મોજુ તણુ મન માંહે
ભણીયે તુને ભાઇ, આયર જહેડો સીદ્દીયા. ૧

સતવાદી ગુલાબ સતણુ, ભણીયે તુ જે ભુપ
સહેરો સાહુળા જે હુડો, રે અવીચળ રૂપ. ૨

વાવ બંધાવવા વાસતે, આનંદ અંગ ન માંઇ
કઇ તો કે વાઇ, સહાઈ ઘરમી સીદ્દીયો. ૩

સીપાયોમાં ચાલજે, જબરા તુ તો જરૂર
મારકણો મગરૂર સહાઇ, અભંગ ભડ સીદ્દીયો. ૪

સીહ મારણની ઉપરે, જેમ તેતર ઉપર બાજ
એમ વેરી હારે વાદ, સહાઇ કરતો સીદ્દીયા. ૫

સીદ્દી તું ઉપર સદા, માલીક રાખશે મેર
પરમારથમાં પહેલ, સહાઇ કરજે સીદ્દીયા. ૬

અમી જે હુડા આદમી, સીદી તુકને સદાઈ
મારને મોંવ મળા, સદાઈ અંવીચળ સીદીયા ૭.

શત્રુને દબાવસ સદા, ભડ તું તો ભુપાળ;
કરમી આળ કપાળ, સદાઇ તુંહારૂ સીદીયા. ૮

જમીયા બેટે રાખશો, મરદના ઉતારે માન;
તમંસાના તોફાન, સદાઇ શોભે સીદીયા.. ૯

ગજ દાલોળા ઝીલીયે, વીંબાથળા વનરાઇ;
ઓળ વીધામા સદાઈ, સરદાર ફરે સીદીયો. ૧૦

સતવાદી ગુલાબ સતણુ, કરસ ભારે કામ;
મેમાનું ને માન, સદાઇ દેસો સીદીયા. ૧૧

સીદી ગુલાબનો સદા, ડણુ કે છે દહીવાણુ,
પ્રસણુ વાળા પ્રાણુ સદાઇ દડુકે સીદીયા ૧૨

જેહુડ. સાદુળો સાલતો, ભડ લઇ ભેળા;
મીલની અંદર મીયા, સદાઈ ફરસ સીદીયા. ૧૩

સાસાળી લટકાવશો. દેહ ઉપર . દહીવાણુ;
પટા ધર પ્રજરાણુ, સહોડ ભડવંકો સીદીયો ૧૪

દગાખોરે દગો કર્યો, જખરાને નોતી જાણ
પલ એકમાં પ્રાણ, સદાઈ ઉડાડે સીદીચો. ૧૫

દુશ્મન સામી દોટ થઈ ભડ તું બાંધસ ભેઠ
સોમ સરખા ને ઠેઠ, સદાઈ પોંચાડે સીદીચો. ૧૬

સરદારને એક સોટ ગોલીને લીધો ગળે
જમીચાની કરી જોટ સત્રુની સામી સીદીચા ૧૭

કેસ કોરાટે ચાલીચો જખરા ત્યારે જરૂર
મરદ જેલમા મગરૂર સરદાર ફરે સીદીચો. ૧૮

કવી રામ કીરતી કહે, મોજુ લાવી મન માંઇ:
દાન કરેલુ દેવાઇ, સદાઇ સમે સીદીચા. ૧૯

રાસડો સીપાઇનો.

સીદી ગુલાબનારે તે, નવ ખંડ રાખ્યું નામ
મરદુ હારે મોજમજાનો મકસાળુ દે પ્રસાર
સીલે ચાલે છે બાપદાદાને કરમી તારો કરાર—સીદી૦
ધીંગાણે તું શત્રુને ધએડે પગલુ પાછુ ન જાઇ
સરકારી કાયદે સાલવું પડે જેલુમા જાપડું થાઇ

જાતરૂડામાં જબરો ગણાણો સીદી સરદાર માઇ
અમદાવાદમાં આબરૂ બાંધી સીદીયે સૌથી સવાઇ-સીદી૦

મીલની અંદર જપદું મારે કરે છે સારા કામ
મચુ જેડા ભડ ભેળા ચાલે હૈયામાં ભારે હામ-સીદી૦

હીમત તારી અનહદ હાલી ધર્મનું કર્યું છે કામ
અંતરીયાળે વાવ બંધાવી તરસ્યા પામે વીસરામ-સીદી૦

મીત્ર હી તારો મોહન કેવો ડણંક છે દહીવાણ
અરધી રાતે હોકારા આપે તને સોપ્યા છે પ્રાણ-સીદી૦

કરસન તારૂ કામ કરે છે મંડાણો મરદ માઇ
અરધી રાતે ઉભો રહે છે કરમી ઇયે કેવાઇ-સીદી૦

હરી પટેલે હાકલો મારી કર્યું છે ભારે કામ
ધર્મના કામમાં પેલો ઘોડે હૈયામાં ભારે હામ-સીદી૦

કણબીનું તું કહ્યું કરે છે ને રાખસ એનું ધ્યાન
બધાઇ કણબી ભેગા મળીને સૌ આપે સન્માન-સીદી૦

બારોટોને બગીચામાં બોલાવી હાકલા કરે હંમેશ
રૂપીયા બસો રોકડા આપી સાચો કર્યો છે સ્નેહ-સીદી૦

—ગી ત—

વંકડાવં વંખાણુ કરૂ તુહારા હજાર વાતે,
સારદાયે સુબુદ્ધી દીધી છે મુને સાણુ.
અમર કીરતી તારી કેતા પાર નહી આવે,
વદુ આ જીભાને આજ તુહારા વખાણુ. ૧

અહ એક દીને સમે બેઠા તો પલંગ માંહે,
એ સમે વીચાર એને આવીયો અથાગ;
મોજારા હીલોળા જેમ સમુદ્ર ગડેડી મારે,
ગંધાઈ ડાયરા માંહી કરી છે હીં બાત ૨

સર્વેહી પટેલ મળી બધાઇ એ બાત સુણી;
જબરૂં વાવ્યનું કામ કરવું જોરાણુ,
નગદી રૂપૈઆ માટે જરૂરહી ફાળો નાખો,
અહ એ સમેહી તહાં બોલીયો મહેરાણુ; ૩

પંપીયાં મનુષ્ય પશુ કાયમીક પાણી પીયે,
અપાર એ બધા જીવ આપશે આશીશ;
બંધાવવી વાવ્ય એમ બધાઇ ધણીણી બોલ્યા.
સર્વે કામ ઉપાડ્યું છે સીદીએ ત્યાં શીશ ૪

ધર્મનું કામ એ બધું પાગણું સહાય ધારે,
કરવું રમત નથી છોકરાની કાંય,
સીદીયો ગુલાબ તણો મહા ભડ એમ સર્વ,
થાવાની હોય તો ભલે માથે હવે થાય ૫

પે'લાવે'લા નગદી પોતેહી પચાસ દીધા,
જરૂર જબરો ત્હાં ડણક્યો જોરાણ
મનમાં વિચાર એક જબરો જરૂર માંડયો,
અભંગ મિત્રહી તણા કરવા અવાણ ૬

કરમી અગાઢ કામ તે તો એક બીજું કીધું,
મિત્રહી તું હારો એક જબરો મેરાણ
મહા ભડ આવી તહાં મોહન ધણેણી મા કે
રૂપૈયા નગદી પચા આપીયા છે રાણ. ૭

હીમતથી કામ તું તો સરદાર સારૂં કરે,
તરત આ કામથકી સર્વગમાં તરાય;
કવિરામ તુ હારૂં ઇ પહેલું વહેલું ગીત કહે,
અરે સાબાશ સાબાશ તુને સીદીયા સદાય. ૮

દુહા.

ગામ: માળીયા.

પડકારે પાછા હટે નહી, ધડકે નહી ધરાર
બળીયાની હારે બાથ, ભચુ મીયાણો ભરે. ૧

જીવનો હાદવો જરૂર છે, જેહડો ભણીયે ભુપાળ;
માળીયામાં મીયાણો વસે સારપ મેળવતલ સરદાર ૨

ધીંગાણું અરીયાને ઘબે, પાછા ન ભરે પાગ;
ભચુ મીયાણો ભલો, જેહડો વનરાઈ વાઘ. ૩

તું સામી ઇસ્માઈલ તણા, જબરા ન જાણે જોટ;
ઠબક.રે એક ઠોટ, બતરીસે બારા પડે. ૪

માલીક તું ઉપર મરદ, ખુદાઇ કરશે સાઇ;
થાવાની હોઈ તે થાઈ, ભચુ ધકસાણે ભલો. ૫

મીલમાં મરદ કેટલા, જપદું લે જરૂર.
સૌથી સવાયું સરૂપ, ભચુ મીયાણાનું ભણુ. ૬

રાસડો મીયાણાનો.

કરશો તું તો સુકૃત સારા કામરે માળીયાના મીયાણા
આબરૂ બાંધી અમદાવાદ શેરમાં . ટેક૦

માળીયેથી ફકીર આવ્યા માંગવા
સારી રીતે ભચુ કરે એના સન્માન રે માળી૦

બગીચામાં કાયમ ભચુની બેઠકું
મરદ પાસે મામલાની વાતું થાઇરે માળી૦

ભાઇબંધ વીનાનો તું ઉદાસી ભમે
સીદીને ભાળે સોળ કળાનો થાઈ રે માળી૦

મરદુ હારે રે તારે સોબતું
ભારડો મોહન લખમણનો ભણાઇ રે માળી૦

પરરે ઉપકાર કરે છે પ્રીતથી
ધર્મને કામે અણવાણે પગે ધાઇ રે માળી૦

મરદુ હારે ધીંગાણા માંડસો
ભરતો નથી બાઈલા હારે બાથરે માળી૦

ભચુરે સીદી મજા તમે ભોગવો
બારોટ રામથી ગુણ તમારા બોલાઈ રે માળી૦

ગામ નાર.

પાટીદાર વલ્લભભાઇ ડુંગરભાઇની કાવ્ય.

છપ્પો.

વલભ વંકડા આજ સત્ય સાલે તુજ સાચું,
વલભ વંકડા આજ બોલે આબાદ હી આતું,
વલભ વંકડા આજ મીલમાં મોજ હી કરજે,
વલભ વંકડા આજ પાપથી તુજ હી ડરજે,
વલભ વંકડા આજ સુજસ મેળવીયો સારો,
વલભ વંકડા આજ દુવા દે છે ઇ હજારો,
દુવા હજાર તુજને દીયે, કરે છે સુકૃત કામઃ
પાટીદાર પેલે નંબર રહે આપનું નામ.

દુહા.

મેર માસ્તની ઘણી કારીગર ઉપર કહેવાય,
મજુર અમે સો મળી દુવાંવ આપને દેવાય. ૧
ટાટા કંપનીમાં તાહરૂં મરદ અનહદ માન,
કામ સારૂ પોતે કરે ને દે છે ગરીબને દાન. ૨

ગામ અમ્રતવેલ

પાટીદાર મોહન લખમણના દુહા.

દીલ દયાળુ દેખીયું હરદમ કરે હીલોળ,
મોહન લખમણનો ભલો કરમી કરે કીલોળ. ૧

મરદ હારે મોબતું કરસ સારા કામ.
પરમારથ પ્રીતે કરે નવ ખંડ રહેશે નામ. ૨
મોહન તુજને માનીગો સહોડ ભડ સરદાર,
કામ ગરીબનાં તું કરે આસીશ દે છે અપાર. ૩
પરઉપકારી પેખીલે કરસ સારા કામ
મોહન તારૂ મુલકમાં નવ ખંડ રેસે નામ. ૪

પટેલ જીવરાજના દુહા.

કણુબીમાં કઇ ભલો. સરદાર દીલનો સાફ.
મરદુની અંદર માપ. જબરૂ તુહારૂ જીવલા. ૧
મનુસ તું સાથે મળે, સારા કરે સન્માન;
મેમાનુને માન, જરૂર દે છે જીવલો. ૨
વેવારમાં વંટ પડે: જબરા તારો જરૂર
સોમ ને શત્રુ થ. જરૂર થડકે જીવલા. ૩
મરદ તુહારૂ માપ; જબરૂ બંધાણું જીવલા
દે થઇ મોટી હાક; પટાળા જીવાની પડે. ૪
જશવંત તું કને જરૂર; પ્રભુ પરતાપ પેખીયે
મરદ ગયો મગરૂર; જરૂર તું કનેથી જીવલા ૫
હસતમુખોને હેતાવળો; સદાઇ રે અંગમાસુર
મરદ તું મગરૂર; જરૂર ફરસ જીવલા ૬

મહીપત મેં માંગ્યા નથી; કરીશું પેલું કામ
સૌ દેજો સન્માન; જરૂર અમને જીવલા ૭
તે બારોટને બોલાવીયો; મેણું દીધું મીલમાંઇ
ગુરૂ આજથી ગણાઇ; જરૂર અમારે જીવલો ૮

કેસર વાઘજીના દુહા.

વાતુ વીગતેથી કરે; પગલું ભરે જોઇ
જવાંમર્દ જોયા બધા; કેસર જેડો ન કોઇ ૧
ફાટેલ ફોજદાર તણા; મરડ તે ઉતાર્યો માન
વડહથ વાઘજી તણા; દીયે છે ગરીબને દાન ૨
ફોજદાર ફાટેલો ફરે; બાબરા તણી બજાર
કેસર કામ અનહદ કર્યું. માણસ જોતા હજાર. ૩
સમશેર તું કને સદા; જપાટા દે જરૂર
મારકણો મગરૂર; કરમી કેસરને કહું ૪
તારૂં તે વાઘજી તણા; મહીપત આગળ માન
જે તાણ્યાં જેહડા તુજને; સૌ આપે સન્માન ૫

સવજીભાઇના દુહા.

ગામ દીપાવડલી.

પટેલમાં પેલે નંબર; ગણીયે તુને ગુણવાન
સારી બુદ્ધિને સાન; સદાય સવજીની કને ૧
તવાદી સવજી સદા; ધરજે કાવ્યમાં ધ્યાન

લઘુ માત્રા મેળવી; કર્યું છે પરથમ કામ ૨
કર છો કીરતીં કૃષ્ણની; દેશો ગરીબને દાન
સહોડ ભડ સવજી સદા· ભકત સાચો ભગવાન. ૩
સાયર જેહડું સદાઇ; દીલ તહારે દેખીયે
મોજુ આવે મન માંઈ; સવજી તહારે સદા. ૪
જશવંત તું ગુણ જાણ; કીરતન કેતા કરે
મરદ ફરસ મેરાણ સવજી સુ કરમી સદા. ૫

છપ્પો.

સવજી ચતુર સદા, બહુ બુદ્ધિનો બળીયો;
સવજી ચતુર સદા, મહાશકિતસે મળીયો;
સવજી ચતુર સદા; પ્રભુનું ધ્યાન ધરજે;
સવજી ચતુર સદા; ભકતમાં તુહી ભળજે;
સવજી ચતુર સદા, મહા સુઘડ ને શાણો;
સવજી ચતુર સદા, મરદમાં મોજ હી માણો;
મોજુ માણો મન થકી; કરજે સુકૃત કામ
કવી રામ કહે કરજોડીને; દેજે ગરીબને દાન. ૬

સમાપ્ત.



સરસ્વતિ તુજને હું સદા, પરથમ લાગુ પાય,
વાણી વીમળ મુજને દીયો જસ આ જીભાને ગવાય.

આ ચોપડી ધી પરમાર પ્રીન્ટીગ પ્રેસમાં
"પરમાર હરીલાલ ત્રીકમલાલે છાપી" તા. ૧૨-૨-૩૨
ઠે૦ બાલાહનુમાન પાસે—અમદાવાદ.